Thursday
02.07.2026
*Volume :10 * Issue No.356
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત — વંદે માતરમ્


# કમલમ્

KAMALAM — ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક — Daily

RNI No.:GUJGUJ/2016/73451

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે FCRA 2.0 પોર્ટલ અને R-OCI કાર્ડ લોન્ચ કર્યું



**પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકાર 'મિનિમમ ગવર્નમેન્ટ, મેક્સિમમ ગવર્નન્સ' ના સિદ્ધાંત પર કામ કરી રહી છે**

**૨૦૧૪ પહેલા, FCRA સિસ્ટમ ફાઈલોમાં ગૂંચવાયેલી હતી અને કોઈ પણ પ્રકારની દેખરેખથી પર હતી, મોદી સરકાર સત્તામાં આવ્યા પછી, જટિલ પ્રક્રિયાઓમાં અટકેલી FCRA સિસ્ટમને મજબૂત કરવામાં આવી છે**

- **જ્યારે આશય શુદ્ધ હોય, નીતિ સ્પષ્ટ હોય અને ટેકનોલોજી અપનાવવાની માનસિકતા હોય, ત્યારે પ્રામાણિક લોકો માટે શાસન સરળ બને છે અને ખોટું કરનારાઓ પ્રત્યે કડક બને છે**
- **અરજીઓની વધતી સંખ્યા અને દાનના પ્રવાહને ધ્યાનમાં લેતા, પેપરવર્ક ઘટાડવું અને વિદેશી યોગદાન પર યોગ્ય દેખરેખ જાળવી રાખવી દેશની સુરક્ષા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે**
- **FCRA 2.0 પોર્ટલ પેપરવર્ક ઘટાડશે, અરજીઓની પ્રક્રિયા ઝડપી બનાવશે અને વિદેશી યોગદાનની અસરકારક રિયલ-ટાઇમ દેખરેખ સુનિશ્ચિત કરશે**
- **હવે, દસ્તાવેજો ભૌતિક રીતે સબમિટ કરવાની જરૂરિયાત પણ દૂર થઈ જશે**
- **FCRA કાયદાને કારણે, ખોટા આશય સાથે આવતા વિદેશી યોગદાન પર દેખરેખ વધશે**

કમલમ્,

કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે આજે નવી દિલ્હીમાં FCRA 2.0 પોર્ટલ અને R-OCI (e-OCI) કાર્ડ લોન્ચ કર્યું. આ પ્રસંગે કેન્દ્રીય ગૃહ સચિવ, વિદેશ સચિવ, ઈન્ટેલિજન્સ બ્યુરો (IB) ના ડાયરેક્ટર અને અન્ય કેટલાક વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે આજે શરૂ કરાયેલી બંને નવી પહેલો નાગરિકોની સુવિધા વધારવામાં ખૂબ જ ફાયદાકારક સાબિત થશે. તેમણે કહ્યું કે આજે શરૂ થયેલી આ બંને પહેલો નાગરિકો માટે સુવિધાઓમાં વધારો કરશે અને ખાસ કરીને FCRA પોર્ટલ દ્વારા દાન મેળવનારાઓ સામે આવતી મુશ્કેલીઓનો ઉકેલ લાવશે. તેમણે યાદ કર્યું કે ૨૦૧૪માં જ્યારે શ્રી નરેન્દ્ર મોદી પ્રધાનમંત્રી બન્યા ત્યારે તેમણે કહ્યું હતું કે અમારી સરકાર 'મિનિમમ ગવર્નમેન્ટ, મેક્સિમમ ગવર્નન્સ'ના સિદ્ધાંત પર કામ કરશે. શ્રી શાહે વધુમાં જણાવ્યું હતું કે જ્યારે આશય સ્પષ્ટ હોય, નીતિ પારદર્શક હોય અને ટેકનોલોજી અપનાવવાની માનસિકતા હોય, ત્યારે પ્રામાણિક લોકો માટે શાસનના તમામ સ્વરૂપો ખૂબ જ સરળ બની જાય છે, ખોટું કરનારાઓ માટે કડક દેખરેખ પ્રણાલી ગોઠવાય છે અને દેશને વધુને વધુ સુરક્ષિત બનાવી શકાય છે. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે ૨૦૧૪ પહેલા FCRA સિસ્ટમ ફાઈલો અને પ્રક્રિયાઓમાં ગૂંચવાયેલી હતી અને યોગ્ય દેખરેખથી પર હતી, જે રાષ્ટ્રીય સુરક્ષા અને વિકાસ બંને માટે મહત્વપૂર્ણ છે.

તેમણે કહ્યું કે ૨૦૧૪માં પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વમાં સરકાર બન્યા બાદ આ વ્યવસ્થાને મજબૂત કરવામાં આવી હતી. આજે FCRA પોર્ટલના નવીનીકરણથી સંસ્થાઓ માટે કામગીરીની સરળતામાં ઘણો વધારો થશે. તેમણે જણાવ્યું હતું કે વિતેલા વર્ષોમાં અરજીઓની સંખ્યા અને દાનના પ્રવાહમાં નોંધપાત્ર વધારો થયો છે. આ બાબતને ધ્યાનમાં રાખીને, પેપરવર્ક ઘટાડવું અને વિદેશી યોગદાનની રિયલ-ટાઈમ અસરકારક દેખરેખ સુનિશ્ચિત કરવી દેશની સુરક્ષા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેમણે કહ્યું કે FCRA કાયદાને કારણે ખોટા આશય સાથે આવતા વિદેશી યોગદાન પર દેખરેખ વધશે. શ્રી શાહે જણાવ્યું હતું કે આ નવી વ્યવસ્થા શરૂ થવાથી દસ્તાવેજો ભૌતિક રીતે સબમિટ કરવાની પ્રક્રિયા દૂર થઈ જશે. ઈ-સાઈન આધારિત ઓથેન્ટિકેશન, OCR (ઓપ્ટિકલ કેરેક્ટર રેકગ્નિશન) અને એનજીઓ દર્પણ બેંક એકાઉન્ટ ઈન્ટિગ્રેશન સિસ્ટમ જેવી સુવિધાઓ સુનિશ્ચિત કરવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે આ તમામ ડેટા 'મેઘરાજ' પર હોસ્ટ કરવામાં આવશે, તેથી ડેટા ચોરીની શક્યતા ઘણી ઓછી થઈ જશે. આ સાથે આગામી મહિનાઓમાં FCRA મોબાઈલ એપ્લિકેશન, AI-સંચાલિત ચેટબોટ અને બેંકો માટે સમર્પિત ઓનલાઈન ડેશબોર્ડ પણ લોન્ચ કરવામાં આવશે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ જણાવ્યું હતું કે આજે R-OCI કાર્ડ પણ લોન્ચ કરવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે OCI સિસ્ટમમાં શરૂઆતમાં આવતી સમસ્યાઓનો આ નવી સિસ્ટમમાં ઉકેલ લાવવામાં આવ્યો છે અને તેનાથી ૫૦ લાખથી વધુ OCI કાર્ડધારકોને મોટી સુવિધા મળશે. ૨૦ વર્ષ પછી, જ્યારે નવો પાસપોર્ટ ઈશ્યૂ કરવામાં આવે ત્યારે OCI બુકલેટ ફરીથી ઈશ્યૂ કરવાની જરૂર રહેશે નહીં, અને કાર્ડધારકનો રજીસ્ટ્રેશન નંબર પણ યુનિક (અનન્ય) બની જશે. વધુમાં, ડિજિટલ OCI કાર્ડ સાથે, દસ્તાવેજો ગુમ થવા અથવા નુકસાન થવાની સમસ્યા દૂર થઈ જશે, અને કાર્ડધારકો પોતે જ રિયલ-ટાઈમ વેરિફિકેશન કરી શકશે.

**FCRA 2.0 પોર્ટલ**

FCRA 2.0 પોર્ટલ ફોરેન કન્ટ્રીબ્યુશન (રેગ્યુલેશન) એક્ટ હેઠળ અનુપાલન (કોમ્પ્લાયન્સ)ને સરળ બનાવવા અને દેખરેખ તેમજ અમલીકરણ તંત્રને મજબૂત કરવા માટે વિકસાવવામાં આવ્યું છે. અરજીઓ, રિન્યુઅલ, વાર્ષિક રિટર્ન અને અન્ય સેવાઓ સંબંધિત તમામ મુખ્ય પ્રક્રિયાઓને હવે સંપૂર્ણપણે ડિજિટલ (એન્ડ-ટુ-એન્ડ) બનાવવામાં આવી છે. હાલમાં દેશભરમાં અંદાજે ૧૪,૫૦૦ સક્રિય FCRA સંસ્થાઓ કામ કરી રહી છે. દર વર્ષે અંદાજે ૧૫,૦૦૦ થી ૨૦,૦૦૦ અરજીઓ અને આશરે ૧૭,૦૦૦ વાર્ષિક રિટર્ન પ્રાપ્ત થાય છે. આટલી મોટી માત્રાને જોતા, આધુનિક, ટેકનોલોજી આધારિત અને સુરક્ષિત સિસ્ટમની જરૂરિયાત લાંબા સમયથી અનુભવાતી હતી. નેશનલ ગવર્નમેન્ટ ક્લાઉડ (મેઘરાજ) પર હોસ્ટ કરાયેલા આ પોર્ટલમાં પ્રોસેસ રી-એન્જિનિયરિંગ, એકીકૃત ડેશબોર્ડ, આધાર-આધારિત ઓથેન્ટિકેશન, ઈ-સાઈન સુવિધા અને OCR-આધારિત દસ્તાવેજ વિશ્લેષણ જેવી સુવિધાઓ સામેલ છે. નવા FCRA સુધારા નિયમો, ૨૦૨૬ની મુખ્ય જોગવાઈઓ પણ તેમાં સામેલ કરવામાં આવી છે. આ પોર્ટલ પાન, આધાર, OCI, એનજીઓ દર્પણ અને ICAI ની UDIN સિસ્ટમ સહિતના મુખ્ય સરકારી ડેટાબેઝ અને બેંકો સાથે જોડાયેલું છે. સંસ્થાઓ માટે, આ પોર્ટલ પેપરવર્ક ઘટાડે છે, સમય બચાવે છે અને એક સરળ તેમજ વધુ અનુકૂળ અનુભવ પ્રદાન કરે છે. તેમાં અરજીઓની ઝડપી પ્રક્રિયા અને એકીકૃત, લોગિન-આધારિત ડેશબોર્ડનો સમાવેશ થાય છે. સરકાર માટે, મુખ્ય ડેટાબેઝ સાથે API-આધારિત જોડાણ વધુ ઝડપી અને વધુ સચોટ વેરિફિકેશન, સુધારેલ અનુપાલન દેખરેખ અને વિદેશી યોગદાનની પ્રાપ્તિ તેમજ ઉપયોગ પર અસરકારક દેખરેખ સક્ષમ બનાવે છે- જેનાથી રાષ્ટ્રીય સુરક્ષા અને સુશાસન બંને મજબૂત થાય છે. આ પ્લેટફોર્મને AI-સંચાલિત ચેટબોટ અને મોબાઈલ-આધારિત એક્સેસ જેવી ભવિષ્યની સુવિધાઓને સમાવવા માટે પણ ડિઝાઈન કરવામાં આવ્યું છે.

**R-OCI કાર્ડ**

ઈલેક્ટ્રોનિક ઓવરસીઝ સિટીઝન ઓફ ઈન્ડિયા (e-OCI) કાર્ડ એ એક મોટી નાગરિક-કેન્દ્રીય પહેલ છે જેનો ઉદ્દેશ્ય સંપૂર્ણ ડિજિટલ સિસ્ટમ દ્વારા વૈશ્વિક ભારતીય ડાયસ્પોરા (પ્રવાસી ભારતીયો) માટે OCI સેવાઓમાં પરિવર્તન લાવવાનો છે. આ સિસ્ટમ હેઠળ, અરજદારો અરજી સબમિટ કરવા અને સહાયક દસ્તાવેજો અપલોડ કરવાથી લઈને મંજૂરી પછી ડિજિટલી જનરેટ થયેલ કાર્ડ ડાઉનલોડ કરવા સુધીની સમગ્ર OCI પ્રક્રિયા ઓનલાઈન પૂર્ણ કરી શકે છે. હયાત કાર્ડધારકો પણ મોટાભાગના કિસ્સાઓમાં નવી અરજી અથવા ભૌતિક વેરિફિકેશનની જરૂરિયાત વિના ડિજિટલી પોતાનું R-OCI કાર્ડ મેળવી શકે છે. નવી વ્યવસ્થા હેઠળ, ૨૦ વર્ષની ઉંમર પછી નવો પાસપોર્ટ મળવા પર OCI બુકલેટ ફરીથી ઈશ્યૂ કરવાની જરૂરિયાત નાબૂદ કરવામાં આવી છે. જોકે, જ્યારે પણ નવો પાસપોર્ટ ઈશ્યૂ કરવામાં આવે ત્યારે કાર્ડધારકોએ તેમના પાસપોર્ટ સંબંધિત વિગતો ઓનલાઈન અપડેટ કરવાની રહેશે. અરજદારો માટે, આ સિસ્ટમ એક અનુકૂળ અને સંપૂર્ણ ડિજિટલ અનુભવ પ્રદાન કરે છે જે ભૌતિક ઉપસ્થિતિની જરૂરિયાતને દૂર કરે છે, મોબાઈલ ઉપકરણો દ્વારા ગમે ત્યારે એક્સેસની મંજૂરી આપે છે, ડિજિટલ ઈશ્યૂન્સ દ્વારા પ્રક્રિયાને ઝડપી બનાવે છે, ભૌતિક દસ્તાવેજો ગુમ થવાનું કે નુકસાન થવાનું જોખમ દૂર કરે છે, અને ઝડપી ઈમિગ્રેશન ક્લિયરન્સ સક્ષમ કરીને સરળ મુસાફરીની સુવિધા આપે છે. સરકાર માટે, ઈ-OCI સિસ્ટમ સંપૂર્ણપણે ઓનલાઈન પ્રક્રિયા સુનિશ્ચિત કરે છે, પેપરવર્ક અને વહીવટી ખર્ચ ઘટાડે છે, ડેટા મેનેજમેન્ટ અને સેન્ટ્રલાઈઝ્ડ ટ્રેકિંગને મજબૂત કરે છે, અને એરપોર્ટ પર રિયલ-ટાઈમ વેરિફિકેશન માટે ડિજિટલ ઈમિગ્રેશન સિસ્ટમ્સ સાથે સંકલન સાધે છે. પરિણામે વધુ સારી ઓળખ ચકાસણી, ઉન્નત સુરક્ષા અને ફ્રોડનું જોખમ ઘટે છે. FCRA 2.0 પોર્ટલ અને R-OCI કાર્ડનું લોન્ચિંગ એ ગૃહ મંત્રાલય દ્વારા બહેતર શાસન અને જાહેર સેવા વિતરણ માટે ટેકનોલોજીનો ઉપયોગ કરવાની વધુ એક નોંધપાત્ર સિદ્ધિ છે. તે વધુ પારદર્શક, સુરક્ષિત અને ડિજિટલ રીતે સશક્ત શાસન પ્રણાલીના નિર્માણમાં યોગદાન આપે છે.

# સ્વચ્છતાને સૌનો સહિયારો સંકલ્પ અને સમાજનો સહજ સ્વભાવ બનાવવા મુખ્યમંત્રીશ્રીનું આહવાન

**પહેલું સુખ તે જાતે નર્યા અને પ્રિવેન્શન ઇઝ બેટર ધેન ક્યોર ના સંદેશને જીવનમાં ઉતારવાની જરૂર છે : મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ**
















કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે 'નમો સ્વચ્છતા અભિયાન' અને 'અમૃતપાન અભિયાન'નો રાજ્યવ્યાપી પ્રારંભ ગાંધીનગરથી કરાવતા સ્વચ્છતાને સૌનો સહિયારો સંકલ્પ અને જનજનનો સહજ સ્વભાવ બનાવવાનું આહવાન કર્યું હતુ. સ્વચ્છતા માત્ર એક સપ્તાહ પૂરતી મર્યાદિત પ્રવૃત્તિ નહીં, પરંતુ દરેક વ્યક્તિના સ્વભાવ અને દૈનિક જીવનનો અભિન્ન ભાગ બનવી જોઈએ એમ તેમણે ઉમેર્યુ હતું. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે "પહેલું સુખ તે જાતે નર્યા" અને " પ્રિવેન્શન ઈઝ બેટર ધેન ક્યોર"નો સંદેશ જીવનમાં ઉતારવાની જરૂર છે. સ્વચ્છતા અને સ્વાસ્થ્ય એકબીજા સાથે રીતે જોડાયેલા હોવાનું કહીને તેમણે ગંદકી ન ફેલાવવા અને જાહેર સ્થળોને સ્વચ્છ રાખવાની સામૂહિક જવાબદારી નિભાવવા પ્રેરણા આપી હતી. તેમણે જણાવ્યું હતું કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વચ્છ ભારત અભિયાન, હર ઘર જલ, ઉજ્જ્વલા યોજના, આયુષ્યમાન ભારત સહિતની અનેક પહેલોથી દેશના નાગરિકોના આરોગ્ય અને જીવનની ગુણવત્તા સુધારવા સાથે સ્વચ્છતા – સ્વસ્થતા માટે અસરકારક પ્રયાસો કર્યા છે. છેવાડાના માનવી સુધી ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ પહોંચાડવા માટે સરકાર સતત પ્રયત્નશીલ હોવાનું પણ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, આ 'નમો સ્વચ્છતા અભિયાન' અંતર્ગત તા.૧થી ૭ જૂલાઈ સાત દિવસો દરમિયાન હોસ્પિટલો અને આરોગ્યસંસ્થાઓમાં જૂનું ફર્નિચર, આઉટડેટેડ મેડિકલ સાધનો તેમજ બિનજરૂરી દસ્તાવેજોનો યોગ્ય નિકાલ કરીને સમગ્ર પરિસરને સ્વચ્છ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવશે. આ અભિયાન માત્ર સાપ્તાહિક અભિયાન નહિં પરંતુ રોજિંદી સ્વચ્છતાનું અભિયાન બને તે માટેની જવાબદારી નિભાવવા તેમણે દ્રષ્ટાંતો સહિત જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે અમૃતપાન અભિયાન બાળક અને માતાના સ્વાસ્થ્ય માટે ખૂબ જ મહત્વનું છે. બાળકને જન્મથી જ યોગ્ય પોષણ અને સુરક્ષા મળે તે માટે વ્યાપક જનજાગૃતિ લાવવીએ સમયની માંગ છે. સ્વસ્થ બાળક જ સ્વસ્થ સમાજ અને વિકસિત રાષ્ટ્રનો પાયો બની શકે છે તેમ તેમણે જણાવ્યુંહતું. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતુ કે ભૌતિક સુખ-સુવિધાઓ કરતાં સારું સ્વાસ્થ્ય વધુ મૂલ્યવાન છે. બીમારી દરમિયાન અનુભવાતો તણાવ સ્વાસ્થ્યનું સાચું મહત્વ સમજાવે છે. આયુષ્યમાન કાર્ડને ગરીબ પરિવારો માટે આશીર્વાદરૂપ ગણાવતા તેમણે કહ્યું હતું કે ગુજરાતમાં ગ્રામ્ય વિસ્તારો સુધી આરોગ્ય સુવિધાઓનો નોંધપાત્ર વિકાસ થયો છે. આરોગ્ય સેવા એ માત્ર વ્યવસાય નહીં પરંતુ માનવસેવાનું શ્રેષ્ઠ માધ્યમ છે. તેમજ ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓના આશીર્વાદથી મોટી સંપત્તિ બીજી કોઈ નથી તેમ તેમણે ઉમેર્યું હતું. હોસ્પિટલજન્ય ચેપનું પ્રમાણ ઘટાડવા માટે સંક્રમણ નિયંત્રણને પ્રાથમિકતા આપવાની જરૂરિયાત પર ભાર મૂકતાં મુખ્યમંત્રીશ્રીએ તમામ આરોગ્ય કર્મચારીઓ અને નાગરિકોને સહિયારા પ્રયાસોથી સ્વચ્છ, સ્વસ્થ અને વિકસિત ગુજરાતના નિર્માણમાં જોડાવા પ્રેરણા આપી હતી. રાષ્ટ્રીય ડોક્ટર દિવસના અવસરે મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના તમામ ડોક્ટરોને શુભેચ્છાઓ પાઠવી હતી અને આરોગ્ય ક્ષેત્રે તેમના યોગદાનને બિરદાવ્યું હતું. 'નેશનલ ડોક્ટર્સ ડે' નિમિત્તે તમામ ડોક્ટરોને આ વિશેષ દિવસની શુભકામનાઓ પાઠવતાં આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા એક ઐતિહાસિક અને વિશાળ 'નમો સ્વચ્છતા અભિયાન'નો રાજ્યવ્યાપી પ્રારંભ કરવામાં આવ્યો છે. આ અભિયાન માત્ર એક દિવસ કે કલાક પૂરતું સીમિત નથી, પરંતુ આગામી ૭ દિવસ સુધી સતત ચાલશે અને ત્યારબાદ તેને હોસ્પિટલોની રોજિંદી પ્રક્રિયાનો એક ભાગ બનાવવામાં આવશે.વધુમાં મંત્રી શ્રી પાનશેરિયાએ જણાવ્યું હતું કે, આ અભિયાન અંતર્ગત હોસ્પિટલ કેમ્પસ કે રૂમોમાં ઘણા સમયથી પડી રહેલી ભાંગી-તૂટેલી ખુરશીઓ, નકામા કમ્પ્યુટર્સ, જૂના ટેમ્પો અને ભંગાર એમ્બ્યુલન્સનો ૭ દિવસમાં સંપૂર્ણ નિકાલ કરી, તે જગ્યાનો ઉપયોગ દર્દીઓની સુવિધા માટે કરવામાં આવશે. તમામ સિવિલ હોસ્પિટલો તેમજ પીએચસી-PHC અને સીએચસી-CHC સેન્ટરોમાં તૂટેલી ટાઈલ્સ, દરવાજા, બારીઓ, લાઈટ-પંખાનું ફિટિંગ અને ટોયલેટમાં લીકેજ નળના રિપેરિંગની કામગીરી યુદ્ધના ધોરણે કરવામાં આવશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સફળ નેતૃત્વના ૧૨ વર્ષોની ઉજવણીના ભાગરૂપે આ સ્વચ્છતા અભિયાન તેમને એક શ્રેષ્ઠ ભેટ સમાન છે. "મન સ્વચ્છ, શરીર સ્વચ્છ, મારું આરોગ્ય ભવન સ્વચ્છ"ના મંત્ર સાથે ગુજરાતનો આરોગ્ય વિભાગ દેશભરમાં મોખરાનું સ્થાન જાળવી રાખશે તેવો વિશ્વાસ આરોગ્યરાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ વ્યક્ત કર્યો હતો. આ રાજયવ્યાપી મહાઅભિયાન દરમિયાન રાજ્યની તમામ ૧૧,૯૩૫ સરકારી આરોગ્ય સંસ્થાઓમાં કેમ્પસથી લઈને અગાશી -ટેરેસ સુધી સઘન સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવશે.કાર્યક્રમની શરૂઆતમાં આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી રાજીવ ટોપનોએ સ્વાગત પ્રવચન કર્યું હતું, જ્યારે આભારવિધિ શહેરી આરોગ્ય કમિશનર ડૉ. સંધ્યા ભુલ્લરે કરી હતી.આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને આરોગ્યમંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયા સહીત ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે 'અમૃતપાન અભિયાન માર્ગદર્શિકા' અને 'ફ્લિપ ચાર્ટ'નું વિમોચન કરવામાં આવ્યું હતું.આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા રાજ્યની તમામ સરકારી આરોગ્ય સંસ્થાઓમાં સ્વચ્છતા અને સુવ્યવસ્થાને સુદ્રઢ બનાવવાના હેતુથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ તથા આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ ગાંધીનગર સિવિલ કેમ્પસમાં સફાઈ કરીને "નમો સ્વચ્છતા અભિયાન"નો રાજયવ્યાપી શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી મીરાબેન પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી રાજેશકુમાર પટેલ, ગ્રામ્ય આરોગ્ય કમિશનર ડૉ. રતનકંવર ગઢવી ચારણ, કલેક્ટર શ્રી રવીન્દ્ર ખતાલે, જિલ્લા વિકાસ અધિકારી ડૉ. હસરત જાસ્મીન, આરોગ્ય વિભાગના અધિકારીશ્રીઓ તથા GMERS મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

